# સુરત મહાનગરપાલિકા

---

# નગર નિયોજન સમિતિ

---

## સુ ચ ના

---

સુરત મહાનગરપાલિકાની **નગર નિયોજન સમિતિની** એક સભા **તા.૨–૨–૨૦૨૨** ના રોજ **સાંજના ૪–૩૦** કલાકે મહાનગરપાલિકા કચેરીના નવા એનેક્ષી બિલ્ડીંગના **"સ્થાયી સમિતિ સભાખંડ"** માં નીચે જણાવેલ કામો પર વિચારણા કરવા સારુ મળશે.

૧. મ્યુ.ક.શ્રીનો તા.૧૪–૧૦–૨૦૨૧ નો પત્ર, ગુજરાત સરકારશ્રી ધ્વારા દરખાસ્તમાં જણાવેલ વિગતેની મહા.માં સમાવિષ્ટ મુસદ્દારૂપ તથા પ્રારંભિક નગર રચના યોજનાઓને અંતિમ કરવાની સમયમર્યાદામાં થયેલ વધારા બાબતના હુકમ કરવામાં આવેલ જે અંગેની જાણ લેવા બાબત.

૨. મ્યુ.ક.શ્રીનો તા.૧૭–૧૨–૨૦૨૧ નો પત્ર, સુડાની મંજુર વિકાસ યોજના–૨૦૩૫ મુજબ સુ.મ.પા. વિસ્તારમાં સમાવિષ્ટ ફાઈલના પત્ર વ્યવહાર વિભાગના પાના નં.૩૭ થી ૪૧ પર સામેલ નકશામા ગુલાબી ઘેરા રંગથી દર્શાવ્યા મુજબની હદમાં સમાવિષ્ટ રહેણાંક ઝોન તેમજ ઈન્ડસ્ટ્રીયલ ઝોન વિસ્તારમા દરખાસ્તના પત્રકમાં જણાવ્યા મુજબની નગર રચના યોજનાઓ બનાવવા અંગે સૈધ્ધાતિક મંજુરી આપવા તથા તે અંગે મુખ્ય નગર નિયોજકશ્રી, ગુજરાત રાજય/સરકારશ્રી સાથે પરામર્શ કરી અનુમોદન મેળવી, સદર સ્કીમોની હદ, ક્ષેત્રફળ વિગેરે નકકી કરવા તેમજ સંપૂર્ણ કાર્યવાહી દરમ્યાન જરૂર જણાય ત્યારે સદરહુ હદ, ક્ષેત્રફળ વિગેરેમાં ફેરફાર કરવા તેમજ નગર રચના યોજનાઓ બાબતે સરકારશ્રી સાથે જરૂરી પત્ર વ્યવહાર કરવા સહિત ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ અન્વયે તમામ આનુસાંગિક કાર્યવાહી કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૩. મ્યુ.ક.શ્રીનો તા.૧૩–૧–૨૨ નો પત્ર, ફાયનલ ટી.પી.સ્કીમ નં.૬(પીપલોદ)મા ધી ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એકટ,૧૯૭૬ની કલમ–૭૧ મુજબ વેરીએશન કરવા અંગે કાયદાની કલમ–૪૮(૧) મુજબ ડ્રા.ટી.પી.સ્કીમ નં.૬(પીપલોદ) (ફર્સ્ટ વેરીડ)ને નામ. સરકારશ્રીની મંજુરી અર્થે સાદર કરવા અંગે યોગ્ય નિર્ણય લેવા તથા તેને આનુસાંગિક જરૂરી કાર્યવાહી/પત્રવ્યવહાર કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૪. મ્યુ.ક.શ્રીનો તા.૧૪–૨–૨૦૨૦ નો પત્ર, અંતિમ નગર રચના યોજના નં.૦૮(પાલનપોર)માં ધી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ–૧૯૭૬ની કલમ–૭૧ મુજબ વેરીએશન કરવા અંગે ઈરાદો જાહેર કરવાના કામે દરખાસ્ત સાથે સામેલ નકશામાં ઘેરા ગુલાબી(મજન્ટા) રંગની તુટક રેખાથી દર્શાવેલ હદ મુજબ વેરીએશન કરવા કલમ–૪૧(૨) મુજબ ઈરાદો જાહેર કરવા, ઈરાદો જાહેર કરવા અંગે સામેલ અધિસુચન મંજુર કરવા, સદર અધિસુચનને બહોળો ફેલાવો ધરાવતા બે સ્થાનિક દૈનિક વર્તમાનપત્રોમાં એક એક વખત પ્રસિધ્ધ કરવા તેમજ ઈરાદો જાહેર કર્યા મુજબ સરકારી રાજયપત્રમાં પ્રસિધ્ધ કરવા અને મુસદ્દો તૈયાર કરી સરકારશ્રીમાં સાદર કરવાની તમામ કાર્યવાહી માટે મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબતનુ કામ આ સમિતિ ઠરાવ નં.૧/૨૦૨૦ થી મુલતવી રાખ્યા બાદ ફરી રજુ.

આ દે શ થી,

ડે.મ્યુ.કમિશનર
અને
ઈ.ચા.મ્યુ. સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા.

મહાનગરપાલિકા કચેરી,
સુરત, તા.૨૯–૧–૨૦૨૨.

Manisha